**Media Coverage:**

**Tata Power Mundra UMPP organizes Science Fair under Shiksha Sarathi Program**

Vavad






# ટાટા પાવર દ્વારા શિક્ષણ સારથી પ્રોગ્રામ હેઠળ મુંદ્રામાં સાયન્સ ફેર યોજાયો

## ૫૦ ગામની ૮૩ શાળાઓમાં ઉગતી પ્રતિભાઓને પ્રોત્સાહનનો ઉદેશ

મુંદ્રા તા. ૧૯

શિક્ષણમાં ગુણવત્તા જાળવવાની પોતાની નિષ્ઠાને જાળવીરાખીને ટાટા પાવર્સ દ્વારા મુંદ્રાની વંધ પ્રાથમિક શાળામાં શિક્ષણ સારથી પ્રોગ્રામ હેઠળ વિજ્ઞાન મેળાનું આયોજન કરવામાં આવ્યું હતું.

ટાટા પાવર તેની ૧૦૦ ટકા માલિકીની પેટાકંપની કોસ્ટલ પાવર ગુજરાત લિમિટેડ મારફતે મુંદ્રા પ્રોજેકટ અને તેના આસપાસના વિસ્તારોમાં બાળકોના શિક્ષણમાં ગુણવત્તા સુધારવા માટે સતત પ્રયત્નશીલ છે. આ કાર્યક્રમ હાલમાં તેના અમલીકરણના બીજા વર્ષમાં છે અને તે (શિક્ષણ ક્ષેત્રે સમગ્રલક્ષી વિકાસ હાંસલ કરવાની કામગીરીમાં રાષ્ટ્રિય સ્તરે પ્રતિષ્ઠા ધરાવતી સંસ્થા ) પ્રથમ સાથે ભાગીદારીમાં રજૂ કરવામાં આવ્યો હતો.

આપ્રયાસનો ઉદેશ શાળાના બાળકોમાં શિક્ષણ માટે પાયાના ગણાતા વૈજ્ઞાનિક કુતૂહલને પ્રોત્સાહિત કરવાનું અને એ દ્વારા વિજ્ઞાન શિક્ષણ આગળ ધપાવવાનું અને શાળાનાં બાળકોમાં વિજ્ઞાનના અભ્યાસ માટે આવશ્યક કુતૂહલને સતેજ બનાવવાનો છે. આ કાર્યક્રમનો ઉદેશ મુંદ્રા અને માંડવી બ્લોકની મોટી ખાખર, નાની ખાખર, બિદાડા, તરધડી અને ગુંદીયાળીનાં ૫૦ ગામોની ૮૩ શાળાઓ દ્વારા આ કાર્યક્રમ આગળ ધપાવવાનો હતો. દરેક શાશામાં ઉગતી પ્રતિભાઓને આકાર્યક્રમ દ્વારા પ્રોત્સાહન આપવાનો પણ કાર્યક્રમનો ઉદેશ હતો.

આ પ્રયાસ અંગે વાત કરતા સીજીપીએલના સીઈઓ શ્રી કે.કે. શર્માએ જણાવ્યું કે '' શિક્ષણ રાષ્ટ્રનો પાયો અને બહેતર આવતીકાલ માટેનું પગથીયું છે. દેશની વસતીમાં ૫૫ ટકા યુવકો છે, જે આપણા દેશની મોટી તાકાત છે. ટાટા પાવર બાળકોને તેમનું પ્રેકટીકલ કૌશલ્ય સુધારવાની તક આપવા માગે છે અને તેણે તે માટેના અભિગમો અને શિખવાની પધ્ધતિઓ વિકસાવી છે. કંપની બાળકોના શિક્ષણના અનુભવમાં વૃધ્ધિ કરવા માગે છે અનવે ભવિષ્યમાં આવા વધુ પ્રયાસો હાથ ધરવા માગે છે. ''

આ વિજ્ઞાનમેળામાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને આત્મવિશ્વાસપૂર્વક કુદરતી નિરિક્ષણ, સૂક્ષ્મદર્શક યંત્ર, અને માનવ શરીર અંગેનાં વિવિધ મોડલોનું નિદર્શન કર્યું હતું. પ્રવૃત્તિ આધરિત વર્કશોપ્સનું રાજયના શિક્ષણના અભ્યાસક્રમ અને રાષ્ટ્રિય અભ્યાસક્રમ મુજબ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેઠળ ખાસ સાયન્સ કીટ પણ પૂરો પાડવામાં આવ્યો હતો વિજ્ઞાનમેળાને અંતે બાળકોને પ્રમાણપત્રોનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ટાટા પાવર વિદેશમાં નોંધપાત્ર હાજરી ધરાવતી ભારતની સૌથી મોટી સુસંકલિત પાવર કંપની છે. કંબની ભારતમાં ૮૫૦૦મે.વોટની ક્ષમતા તથા વીજળીનાં ફયુઅલ, સિક્યોરીટી અનો લોજીસ્ટીક , વીજ ઉત્પાદન (થર્મલ, હાઈડ્રો, સોલર અને પવન ઉર્જા)ટ્રાન્સમિશન ડીસ્ટ્રીબ્યુશન અને ટ્રેડીંગ સહિત તમામ સેકટરમાં હાજરી ધરાવે છે. તેણે વીજ ઉત્પાદનમાં જાહેર અને ખાનગી ભાગીદારી નો સફળ અમલ ર્ક્યો છે. જેમાં ઉત્તર દિલ્હીમાં વીજળીના વિતરણ માટે 'તાતા પાવર દિલ્હી ડિસ્ટ્રીબ્યુશન લિમિટેડ' ભૂતાન ખાતેના તાતા હાઈડ્રો પ્લાન્ટમાંથી દિલ્હીમાં વીજળી લાવવા માટે પાવરગ્રીડ કોર્પોરેશન ઓફ ઈન્ડીયા સાથે 'પાવરલીંક ટ્રાન્સમિશન લિમિટેડ', ઝારખંડમાં ૧૦૫૦ મો.વોટના વીજમથક માટે દામોદર વેલી કોર્પોરેશન સાથે ભાગીદારી કરી છે. તે ભારતમાં રીન્યુએબલ એનર્જી ક્ષેત્રની સૌથી મોટી કંપની છે. અને તેણે ગુજરાતમાં મુંદ્રા ખાતે સુપર ક્રીટીકલ ટેકનોલોજી આધારિત ૪,૦૦૦ મે.વોટનો પ્રથમ અલ્ટ્રા મેગા પાવર પ્રોજેકટ વિકસાવ્યો છે. વિદેશમાં તેની હાજરીમાં, કોલસાની ખાણોમાં અને જીયોથર્મલ પ્રોજેકટસમાં ૩૦ ટકા ભાગીદારી સાથે ઈન્ડોનેશિયામાં વ્યુહાત્મક રોકાણો, સીંગાપુરમાં ટ્રસ્ટ એનર્જી રિસોર્સિસ મારફતે તેના થર્મલ પાવર ઉત્પાદન માટે કોલસાના પુરવઠા અને શિપિંગની ખાત્રી, દક્ષિણ આફ્રિકામાં 'સેનર્ગી ' નામના સંયુક્ત સાહસ મારફતે દક્ષિણ આફ્રિકા, બોત્સવાના અને નામ્બીયામાં પ્રોજેકટ વિકસાવવાની કામગીરી, ઓસ્ટ્રેલિયામાં જીયોથર્મલ અને ક્લીન કોલ ટેકનોલોજીમાં રોકાણો તથા રોયલ ગવર્મેન્ટ ઓફ ભૂતાન સાથે મળીને હાઈડ્રો પ્રોજેકટમાં ભાગીદારીનો સમાવેશ થાય છે. ટેકનોલોજી લીડરશિપ, પ્રોજેકટનું શ્રેષ્ઠ અમલીકરણ, વિશ્વ સ્તરની સુરક્ષા વ્યવસ્થા પ્રક્રિયાઓ, કસ્ટમર કેર અને પર્યાવરણલક્ષી ઝુંબેશની તેની પરંપરા જાળવીને તાતા પાવર બહુગામી વિકાસ અને આવનારી પેઢીઓ માટે પ્રકાશ પ્રસારવાને પંથે છે.

Sandesh

# શિક્ષણ સારથિ પ્રોજેક્ટ હેઠળ મુન્દ્રામાં સાયન્સ ફેર યોજાયો

## ૮૩ શાળાઓમાં ઉગતી પ્રતિભાઓને પ્રોત્સાહનનો ઉદ્દેશ

મુન્દ્રા, તા. ૧૮

વિદ્યાર્થીઓના વિજ્ઞાન પ્રત્યેના અભિગમને વધુ મજબૂત બનાવવા માટે મુન્દ્રાની પ્રાથમિક શાળામાં શિક્ષણના સારથિ પ્રોજેક્ટ હેઠળ ટાટા પાવર મુન્દ્રા દ્વારા વિજ્ઞાન મેળો યોજાયો હતો અને આગામી સમયમાં ૫૦ ગામની ૮૩ શાળાઓમાં ઉગતી બાળ પ્રતિભાઓને આવરી લેવાશે.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય શાળાના બાળકોમાં શિક્ષણના પાયાના ગણાતા વૈજ્ઞાનિક કુતૂહલને પ્રોત્સાહિત કરવાનો અને બાળકોમાં વિજ્ઞાન પ્રત્યેની રૂચિ કેળવાય. પ્રોજેક્ટ અંતર્ગત મુન્દ્રા અને માંડવી તાલુકાના મોટી ખાખર, નાની ખાખર, બિદડા, ત્રગડી અને ગુંદિયાળી સહિત ૫૦ ગામની ૮૩ શાળાઓમાં સમયાંતરે કાર્યક્રમનું આયોજન કરવામાં આવશે. વિજ્ઞાન મેળામાં ૨૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને આત્મવિશ્વાસપૂર્વક નિરીક્ષણ, સુક્ષ્મદર્શક યંત્ર અને માનવ શરીર અંગેના વિવિધ મોડેલનું નિદર્શન કર્યું હતું. રાજય અને રાષ્ટ્રી શિક્ષણના અભ્યાસક્રમના આધારે વિજ્ઞાન મેળો યોજાયો હતો. કાર્યક્રમ હેઠળ સાયન્સ કિટ આપવામાં આવી હતી તેમજ અંતમાં વિજ્ઞાન મેળામાં ભાગ લેનારા તમામ બાળકોને પ્રમાણપત્રો આપવામાં આવ્યા હતા. વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

Kutchh Mitra

# મુંદરા અને માંડવી તાલુકાની ૮૩ શાળા વિજ્ઞાનમેળામાં જોડાઇ

**ટાટા પાવર દ્વારા શિક્ષણ સારથિ કાર્યક્રમ હેઠળ મુંદરામાં ૫૦ ગામના છાત્રોને પ્રોત્સાહિત કરાયા**

મુંદરા, તા. ૨૬ : અહીંની વંધ પ્રા. શાળા ખાતે મુંદરા અને માંડવી બ્લોકની મોટી-નાની ખાખર, બિદડા, ત્રગડી અને ગુંદિયાળીના ૫૦ ગામોની ૮૩ શાળાઓ માટે વિજ્ઞાનમેળાનું રાજ્ય અને રાષ્ટ્રીય અભ્યાસક્રમ મુજબ આયોજન કરાયું હતું.

ટાટા પાવરની પેટા કંપની કોસ્ટલ પાવર ગુજરાત લિમિટેડ દ્વારા મુંદરા પ્રોજેકટ અને તેના આસપાસના વિસ્તારનાં બાળકોની શિક્ષણમાં ગુણવત્તા સુધારવા માટેના પ્રયત્નના ભાગરૂપે આયોજન કરાયું હતું.

સીજીપી સેલના સીઇઓ કે.કે. શર્માએ જણાવ્યું હતું કે, ટાટા પાવર બાળકોને તેમનું કૌશલ્ય સુધારવાની તક આપવા માગે છે અને તે માટે અભિગમો અને શીખવાની પદ્ધતિઓ વિકસાવી છે. કંપની ભવિષ્યમાં બાળકોની શિક્ષણવૃદ્ધિ માટે વધુ પ્રયાસો હાથ ધરવા માગે છે.

૨૦૦થી વધુ છાત્રોએ ભાગ લીધો હતો. કુદરતી નિરીક્ષણ, સૂક્ષ્મદર્શક યંત્ર અને માનવશરીરના અંગોના વિવિધ મોડલોનું નિદર્શન કર્યું હતું. અંતમાં બાળકોને પ્રમાણપત્રનું વિતરણ કરાયું હતું.